GJVD040013842020

| | | |
|---|---|---|
| દાખલ કર્યા તારીખ | : | ૦૭–૦૮–૨૦૨૦ |
| રજિસ્ટર કર્યા તારીખ | : | ૦૭–૦૮–૨૦૨૦ |
| ફેસલ કર્યા તારીખ | : | ૦૫–૦૬–૨૦૨૬ |
| સમયગાળો | : | **વર્ષ માસ દિવસ** |
| | | **૦૫ ૦૯ ૨૯** |

**સેકન્ડ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ.પાદરા, જિ.વડોદરા.**

———————————————————————————————————

**ફોજદારી કેસ નં.૧૧૪૮/૨૦૨૦**
**આંકઃ–૩૫**

**ફરિયાદીઃ– કશ્યપ દિલીપભાઇ પટેલ**
**ઉ.વઃ– પુખ્ત, ધંધોઃ–ખેતી/વેપાર**
રહે. અંબાજી મંદીર પાસે, તા. પાદરા, જિ.વડોદરા.

**વિરુધ્ધ**

**આરોપીઃ– રામસ્વરૂપ રામકરન શર્મા**
રહે.૮૫, સ્વતંત્ર સેનાની નગર, સમતા ફ્લેટની બાજુમાં સુભાનપુરા, વડોદરા–૩૯૦૦૨૩

**આરોપઃ– ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૮ મુજબ**

ફરિયાદી તર્ફે વિ.વ.શ્રી એ.વી.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી એસ.બી.ચૌહાણ

## –: JUDGMENT :–

**(Delivered on dt. 05-06-2026)**

(૧) ફરિયાદીના ફરિયાદની ટૂંકમાં હકીકત જોઈએ તો, ફરિયાદી પાદરા મુકામે વેપાર–ધંધો કરે છે. આરોપી તેઓના ગ્રાહક હોય, એકબીનજાને ઓળખે છે. આરોપીને અંગત જરૂરીયાત ઉભી થતા ફરીયાદી પાસેથી એક મહીના માટે હાથઉછીના નાણાની માંગણી કરતા રૂ. ૨,૨૫,૦૦૦/– આપેલ અને તે જવાબદારી પેટે આરોપીએ રૂ.૨,૨૫,૦૦૦/– નો બેંક ઓફ ઇન્ડીયા વડોદરા શાખાનો તા. ૨૫/૦૨/૨૦૨૦ ના રોજનો ચેક નં.૦૦૦૦૦૪ સહી કરી લખી આપેલ અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ''ચેક પાકતી મુદતે બેંકમાં જમા કરાવશો એટલે તેના નાણા ચોકકસ મળી જશે''. ફરીયાદીએ તે ચેક પાકતી મુદતે તેઓની એક્ષીસ બેંક, પાદરા શાખામાં જમા કરાવતા તે તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ તથા આરોપીના કહેવાથી થી ફરીથી સદર ચેક ફરીયાદીએ તેમની બેંકમાં જમા કરાવતા, આ ચેક તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ પણ એમ બન્ને વખતે રીટર્ન મેમો ' ફંડ ઈનસફિસિયન્ટ'' ના કારણ સાથે પરત ફરેલ. જેથી આ બાબતે ફરીયાદીએ આરોપીને જાણ કરતા, આરોપીએ ઉડાઉ જવાબ આપેલ. જેથી ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે ૨૮/૦૫/૨૦૨૦ ના રોજ રજિસ્ટર પોસ્ટ એ.ડી. મારફતે ડિમાન્ડ નોટિસ મોકલેલ જે તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ આરોપીને બજી ગયેલી હોવા છતાં, આરોપીએ નોટિસનો જવાબ આપેલ નહી કે નાણા ચુકવવા કોઈ તજવીજ કરેલ નહી. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો કરેલ હોય, આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી, ક્રિ.પ્રો.કોડ ની કલમ

૩૫૭ મુજબ આરોપીને કરવામાં આવનાર દંડની રકમમાંથી ચેકની રકમ ફરીયાદીને વળતર સ્વરૂપે મળે તેવી દાદ માંગેલ છે અને આરોપીને કડકમાં કડક સજા કરાવવા હાલની આ ફરિયાદ દાખલ કરેલી છે.

(૨) ફરિયાદીની ફરીયાદ સાથે ફરિયાદીનું વેરીફીકેશન, સરતપાસનું સોગંદનામું તથા સમર્થનમાં અસલ દસ્તાવેજો રજુ થયેલ હોય, તે તમામને ધ્યાને લીધા બાદ, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૪ મુજબ આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ ધોરણસર બજી જતાં, જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલા. ત્યાર બાદ આરોપીને તેમની સામેની ફરિયાદ તથા સાથે રજુ તમામ કાગળોની વિના મુલ્યે નકલો મળી ગયેલ હોવાની ખાતરી કર્યા બાદ, તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ આંક–૧૩ થી ગુના અંગ સમજ આપી, આરોપીનું નિવેદન લેવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોય, બાદ સદર કેસની કાર્યવાહી ફરિયાદીના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

(૩) સદર ગુનાના આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી કશ્યપ દિલીપ પટેલનું સરતપાસનું સોગદનામુ તથા ફરીયાદીના પાવર ઓફ એટર્ની સતેજકુમાર રજનીકાંત શાહનું સરતપાસનું સોગંદનામું. | **૫ તથા ૧૬** |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદવાળો અસલ ચેક નં.૦૦૦૦૦૪ તા.૨૫/૦૨/૨૦૨૦ | ૨૪ |
| ૨ | પ્રથમ વખત ચેક સ્વીકારાયા વગર પરત ફરેલ તેનો અસલ રીટર્ન મેમો તા.૧૬/૦૩/૨૦૨૦ | ૨૫ |
| ૩ | બીજી વખત ચેક સ્વીકારાયા વગર પરત ફરેલ તેનો અસલ રીટર્ન મેમો તા.૦૫/૦૫/૨૦૨૦ | ૨૬ |
| ૪ | ચેક પ્રથમ વખત જમા કરાવેલ તે અસલ સ્લીપ તા.૧૩/૦૩/૨૦૨૦ | ૨૭ |
| ૫ | ચેક બીજી વખત જમા કરાવેલ તે અસલ સ્લીપ તા.૦૪/૦૫/૨૦૨૦ | ૨૮ |
| ૬ | આરોપીને વકીલ મારફતે આપેલ નોટિસની સ્થળપ્રત તા.૨૮/૦૫/૨૦૨૦ | ૨૯ |
| ૭ | આરોપીને નોટીસ પોષ્ટ કર્યા અંગેની પોષ્ટની અસલ પાવતી તા.૨૯/૦૫/૨૦૨૦ | ૩૦ |
| ૮ | આરોપીને નોટીસ મળી ગયા અંગેની પોષ્ટની અસલ એકનોલેજમેન્ટ પાવતી | ૩૧ |
| ૯ | મૂળ ફરિયાદીએ લખી આતપેલ કુલમુખત્યારનામાની સર્ટીફાઇડ નકલ તા. ૦૩/૦૪/૨૦૨૩ | ૨૦ |

આ કામે ફરિયાદપક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ જ પુરાવા રજૂ કરેલા ન હોય, વિશેષ કોઈ પુરાવા રજૂ કરવા માંગતા ન હોય, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ, આરોપી તથા તેમના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરાવતા કોઈ હાજર ન હોય કે રીપોર્ટ કે રજુઆત ન હોય જેથી

આરોપીનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ મુળ ફરિયાદી તર્ફે તેઓનો વિદ્વાન વકીલશ્રી એ.વી. પટેલની મૌખિક દલીલ સાંભળવામાં આવી. જ્યારે આરોપી તર્ફે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. આ કામે ફરિયાદપક્ષે તેમની ફરિયાદના સમર્થનમાં અને રજૂ કરેલા દસ્તાવેજો સબબ તેમનો કેસ પુરવાર થતો હોય, ફરિયાદપક્ષે જે પુરાવાઓ રજૂ થયેલ છે, તેનું કોઈ જ રીતે ખંડન આરોપીપક્ષે કરવામાં આવેલ નથી. જેથી ફરિયાદી આરોપી સામેનો તેમનો કેસ સાબિત કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬) ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ કહેવાતો ચેક કાયદેસરના લેણા પેટે આપેલ છે ?

૨ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદી પાદરા મુકામે વેપાર–ધંધો કરે છે. આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૨,૨૫,૦૦૦/– હાથ ઉછીના મેળવી, તેની કાયદેસરની જવાબદારી પેટે આરોપીએ રૂ.૨,૨૫,૦૦૦/– નો બેંક ઓફ ઈન્ડીયા વડોદરા શાખાનો તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજનો ચેક નં. ૦૦૦૦૦૪, સહી કરી લખી આપેલ, જે ચેક ફરીયાદીએ બે વખતે તેમની બેંકમાં રજુ કરતા, તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ તથા ફરીથી તા.૦૫/૦૫/૨૦૨૦ ના રોજ બન્ને વખતે રીટર્ન મેમો '**ફંડ ઈનસફિસિયન્ટ**' ના કારણ સાથે પરત ફરતા, ફરિયાદીએ

તેમના વકીલશ્રી મારફતે ૨૮/૦૫/૨૦૨૦ ના રોજ રજિસ્ટર પોસ્ટ એ.ડી. મારફતે ડિમાન્ડ નોટિસ મોકલેલ જે તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ આરોપીને બજી ગયેલી છતાં, નોટિસ મુજબ આરોપીએ ચેકની રકમ નહીં ચૂકવી, ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

૩ શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો તથા તે માટેના કારણો નીચે મુજબ છે.

**–: મુદ્દા અંગેના નિર્ણયો:–**

મુદ્દા નં. (૧) હકારમાં.

મુદ્દા નં. (૨) હકારમાં.

મુદા નં. (૩) આખરી હુકમ મુજબ.

**–: નિર્ણયો અંગેના કારણો :–**

**મુદ્દા નં. ૧ અને ૨ ની ચર્ચા:–**

(૮) સદર કામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં કાયદાકીય હકીકત જોઈએ તો ફરિયાદપક્ષ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

૧. ચેક આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારીના લેણાં પેટે આપ્યો હોવો જોઈએ.

૨. ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી છ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૩. ફરિયાદીની બેન્ક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બીન–ચુકવણી થયાના ૩૦ દિવસમાં (holder in due due course) યથાનુક્રમે ધારણ કરનાર ડ્રોઈ અગર તો પેયીએ

ચેકના ડ્રોઅર (આરોપી)ને ચેક મુજબની રકમની ચુકવણી માટે ડિમાન્ડ નોટિસ આપવી જોઈએ અને ડિમાન્ડ નોટિસમાં ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ.

૪. ચેક લખનારે (આરોપીએ) નોટિસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમા ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં ડ્રોઈને (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ.

૫. ડિમાન્ડ નોટિસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરિયાદીએ ફરિયાદ દાખલ કરેલ હોવી જોઈએ.

૬. જયાં સુધી વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ડ્રોઈએ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

(૯) ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેવામાં આવે તો ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ અનુસાર વિરૂધ્ધની હકીકત સ્થાપિત થાય તે સિવાય ચેકના ધારકને મળેલો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન કરવામાં આવશે. ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટમાં રહેલ વૈધાનિક અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. આરોપીએ તેમના રહેલો આવો ખંડનાતમક પુરાવો રજુ કરવાનો બોજો કે જવાબદારી સુચક અને સંતોષકારક પુરાવાઓથી સ્થાપિત કરી પુરાવાનો બોજો ફરીથી ફરિયાદી ઉપર સ્થળાંતર કરવાનો હોય છે.

(૧૦) ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮(એ) અનુસાર વૈધાનિક અનુમાન થાય છે કે, જયારે કોઈ પક્ષકારોની તરફેણમાં ચેક લખી આપવામાં આવે તે ચેક અવેજના બદલામાં આપવામાં આવેલ છે. આ અનુમાનનું ખંડન કરવા અંગે સાબિતીનો

બોજો ચેક લખી આપનાર વ્યક્તિ, અવેજનો ઈનકાર કરનાર ઉપર સાબિતીનો બોજો રહેલો છે. આવા ઈન્કારની ગેરહાજરીમાં એવું કહી શકાય નહી કે ચેક અવેજ વગરનો હતો. **નામદાર સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, પાના નં. ૧૯૯૮ માં પ્રસિધ્ધ થયેલ રંગપ્પા વિરૂધ્ધ મોહન** નો ચુકાદો વંચાણ લેતા સદરહ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના આવશ્યક તત્વો ધ્યાને લેવા જોઈએ. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબની કાયદાકીય અનુમાનનું ખંડન આરોપી દ્વારા કરવામાં આવેલ છે કે કેમ ? સદરહું ચુકાદાના પેરા–૧૨ માં નામદાર સુપ્રિમ કોર્ટે આરોપી અવેજ અસ્તિત્વમાં ન હોવા અંગે અથવા શંકા હોવા અથવા તો ગેરકાયદેસર હોવા અંગે પુરાવાથી બતાવી શકે તેવા સંજોગોમાં ફરિયાદી ઉપર પુરાવાના બોજાનું સ્થળાંતર થાય છે. પરંતુ માત્ર આવો અવેજ ન હોવા અંગે માત્ર નકાર કરવાથી બચાવ ગણી શકાય નહી. આરોપીએ આવું રેકર્ડ ઉપર લેવું જોઈએ કે જે માની શકાય તેવું હોય તો જ પુરાવાના બોજાનું સ્થળાંતર ફરિયાદી તરફે થાય. વધુમાં ઉપરોકત ચુકાદાના પેરા–૧૪ માં ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની છણાવટ કરી આ કલમ હેઠળ કાયદાકીય અનુમાન કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અથવા જવાબદારી અસ્તિત્વ સાથે અનુમાન કરવાનું છે. પરંતુ કાયદેસરની જવાબદારી હોવા અંગેનું અનુમાન થઈ શકે નહી તેવો ક્રિષ્ણા જનાર્દન ભટ્ટ વિરૂધ્ધ દત્તાત્રેય હેગડે ના ચુકાદામાં લીધેલ વ્યુહ યોગ્ય ન હોવાનું નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા વિરૂધ્ધ મોહનના ચુકાદામાં ઠરાવેલ છે.

(૧૧) ઉપરોકત બંને ચુકાદા વંચાણે લેતા નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પાના ચુકાદામાં ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯, ૧૧૮(એ) ની છણાવટ કરી, જો ચેક આપવામાં આવેલ હોય તો આવો ચેક અવેજ પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન તથા ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેતા આરોપીએ ચેક લખી આપેલ તે કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અંગે આપેલ તેવું ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવું જોઈએ. જયારે ફરિયાદી પોતાના પુરાવામાં આરોપીએ ચેક લખી આપ્યાની હકીકત સાબિત કરે. પરંતુ આરોપીએ કાયદેસરના દેવાની જવાબદારી અદા કરવા માટે ચેક આપેલ નથી તેવા બચાવમાં ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી "**પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી**" યાને કે ખંડનાત્મક પુરાવાનો બોજો સંભવિતતાની શકયતા મુજબ આરોપીના શીરે રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટોના ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ છે. સંભવિત બચાવ પુરવાર કરવા માટે આરોપીને વિટનેશ બોક્ષમાં જુબાની આપવી જરૂરી નથી પરંતુ રેકર્ડ ઉપર જે પુરાવા રજુ કરવામાં આવેલ હોય તે ઉપરથી સંભવિત બચાવ માનવા જરૂરી છે તેવી હકીકત સાબિત કરવી જોઈએ. ફરિયાદીએ પોતાના કેસની હકીકત નિ:શંકપણે સાબિત કરવી જોઈએ. તે જ રીતે, ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ આવો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાનું રહેતુ નથી. પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસિદ્ધ કરેલ સિદ્ધાંત મુજબ અનુમાનનું ખંડન સંભવિતતાની શકયતા મુજબ સાબિતીનો બોજો પક્ષકારો ઉપર ફેરબદલ થતો રહે છે.

ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અનુસાર વૈદ્યાનિક અનુમાન થાય છે કે, જ્યારે કોઈપણ પક્ષકારની તરફેણમાં ચેક આપવામાં આવે ત્યારે ચેક અવેજના બદલામાં આપવામાં આવેલ છે. આ અનુમાનનું ખંડન કરવા અંગે સાબિતીનો બોજો, ઈન્કાર કરનાર–ચેક લખનાર ઉપર રહેલો છે. આવા ઈન્કારની ગેરહાજરીમાં એવું કહી શકાય નહી કે, ચેક અવેજ વગરનો હતો.

ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતા ચેકના ધારકને આપેલ ચેક અંશત: કે સંપૂર્ણ દેવા અથવા અન્ય જવાબદારી અદાયગી કરવા માટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવામાં આવેલ છે. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં વૈદ્યાનિક અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે.

આમ, ઉપરોકત કાયદાકીય પ્રબંધોને નજર સમક્ષ રાખી, આ કામે ફરિયાદપક્ષના પુરાવાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૨) આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તે પહેલાં ફરીયાદીની ફરીયાદની હકીકતને ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે ફરીયાદીએ તેમનું સરતપાસનું સોગંદનામું આંક–૫ થી રજુ કરેલ હતું. પરંતુ, ત્યારબાદ ફરીયાદીને વિદેશ જવાનું થતાં, ફરીયાદીના કુલમુખત્યાર – સતેજકુમાર રજનીકાંત શાહનું સરતપાસનું સોગંદનામું આંક–૧૬ થી રજુ કરેલ છે અને તેમાં ફરીયાદની ફરીયાદ મુજબની હકીકતો જણાવી, તેમાં રજુ થયેલ તમામ દસ્તાવેજોને રીફર કરેલ છે અને તેમની સરતપાસના સોગં દનામાના સમર્થનમાં **<u>આંક–૨૪ થી આંક–૩૧</u>** સુધીના દસ્તાવેજો રજુ રાખી, તેમના સરતપાસના સોગંદનામાને સમર્થન કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદી તરફે આંક–૧૬ થી ફરીયાદીના કુંલમુખત્યારે તેમના સરતપાસના સોગં દનામામાં તેમની ફરીયાદ મુજબની હકીકતો જણાવેલ હોય પુનરાવર્તન ન થાય તેથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. આ કામે આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તક આપવામાં આવેલ છે, તેમ છતા આરોપી તરફે તેઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ ન હોય, આરોપીએ પણ સમાધાન માટે ઘણી મુદ્દતો લીધા બાદ પણ સમાધાન કરી કોઈ રકમ ચુકવેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી કરવા માટે કોઈ તસ્દી લીધેલ નથી.

એટલું જ નહિ, આ કામે આરોપીને તેમની સામેના પુરાવા બાબતે ખુલાસો કરવાની તક મળી રહે તે હેતુથી સદર કામ સી.આર.પી.સી.કલમ–૩૧૩ અન્વયે, આરોપીના વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ છે. પરંતુ, આ કામે આરોપી જાતે નિયમિત નાઢ .કોર્ટમાં હાજર રહેલા નથી કે તેમના વકીલ મારફતે પણ હાજર રહીને ઉલટ તપાસનો હકક ખુલ્લો કરવા કોઈ અરજી કે રજુઆત કરેલ નથી અને તેમ કરીને તેઓએ કાયદા મુજબ મળતો આ અધિકારનો ઉપયોગ કરેલ નથી. જેથી પુરતો સમય આપવા છતા, આરોપીપક્ષે આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, તેમના સરતપાસના સોગંદનામામાં રીફર કરેલા છે. જેને આ કામે **આંક–૨૪ થી આંક–૩૧** થી સુધી આંકે આપી વંચાણે લેવામાં આવેલ છે. તેમજ આ કામે આંક–૨૦ થી કુલમુખત્યારનામું રજુ થયેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલા તમામ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો **આંક–૨૪** થી અસલ ચેક રજુ થયેલ છે, જે ફરીયાદીના નામનો

છે, તેમાં ચેક લખનાર તરીકે આરોપીની સહી છે. સદર ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં જમા કરાવતા, આરોપીનો ચેક એક વાર નહી, પરંતુ, બે વાર **FUNDS INSUFFICIENT** ના શેરાથી રીટર્ન થયેલ છે, જે સદર ચેક ફરીયાદીએ તેમની બેંકમાં જમા કરાવેલ હોવા બાબતે આંક–૨૭ અને આંક–૨૮ થી બેંકની સ્લીપ રજુ કરેલ છે. તેમજ સદર ચેક પરત ફરેલ હોવા બાબતે **રીટર્ન મેમા આંક–૨૫ અને આંક–૨૬ થી** રજુ થયેલ છે. જેથી સદર બેંકના રીર્ટન મેમાને ઘ્યાને લેવામાં આવે તો તે **આંક–૨૪** ના જ ચેક નંબરની વિગત જણાવી રીર્ટન કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલી છે. જેથી ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીનો ચેક રીટર્ન થતા, નિયત સમયમાં ડીમાન્ડ નોટીસ આરોપીને આપેલી છે. જે નોટીસ **આંક–૨૯** થી રજુ કરેલ છે, જે નોટીસ આરોપીને બજી જવા છતાં, નોટીસ બજયાના દિન–૧૫ માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નથી કે કોઈ રકમ ચુકવી આપેલ નથી. આ કામે ફરીયાદીએ નોટીસ રજી.પો.એડી.થી મોકલેલ તેની સ્લીપ **આંક–૩૦** થી તથા નોટીસ આરોપીને બજી ગયેલ હોવા બાબતે પોસ્ટ ખાતાનું એકનોલેજમેન્ટ સ્લીપ **આંક–૩૧ થી** રજુ કરેલ છે. આ સંજોગોમાં, ફરીયાદીએ પોતાના બેંકના ખાતામાં **આંક–૨૪** વાળો ચેક તેમના બેંકમાં રજુ કરતા, તે જ ચેક '**FUNDS INSUFFI-CIENT**' ના શેરાથી રીર્ટન થયેલ હોય, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું થાય છે.

(૧૫) જો કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે રજુ પુરાવાનું જે અનુમાન કરવાનું થાય છે તે ખંડનીય પ્રકારનું છે અને આરોપી ઉલટ તપાસ થકી કે પુરાવા રજુ કરીને ફરીયાદપક્ષના

આ અનુમાનનું ખંડન કરી શકે છે. પરંતુ, આ કામે અગાઉ ચર્ચા કરેલ છે, તે મુજબ આરોપીને સમંસની બજવણી થયા બાદ તેઓ ના.કોર્ટ માં હાજર થયેલા, તેમની પ્લી નોંધવામાં આવેલી. બાદ સમાધાન માટે મુદૃત માંગેલ છે. છતાં, સમાધાન અંગે કોઈ જ કાર્યવાહી કરેલ નથી. એટલું જ નહી, પરંતુ, ત્યારબાદ પણ આરોપીપક્ષ ધ્વારા સદર કામે ફરીયાદીની ઉલટ તપાસ લેવા માટે કોઈ જ તત્પરતા બતાવેલ નથી કે ઉલટ તપાસનો હકક બંધ થઈ ગયા બાદ તે ખોલવા માટે કોઈ અરજી કરેલ નથી. એફ.એસ.નો હકક બંધ કર્યા બાદ પણ તે ખુલ્લો કરવા કોઈ અરજી કરેલ નથી. જેથી આરોપીની વર્તણુંક ધ્યાને લેતા, તેઓ માત્ર અને માત્ર કેસની કાર્યવાહી બિન જરૂરી રીતે લંબાવતા હોય તેવું સ્પષ્ટ રીતે ફલીત થાય છે. જેથી, આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકતોનું લેશમાત્ર ખંડન આરોપીપક્ષે થઈ શકેલ નથી. તેવા સં જોગોમાં ફરીયાદપક્ષ જરૂરી પુરાવાઓ થકી તેમનો કેસ આરોપીની સામે સાબિત કરી શકેલ હોવાનું આ કોર્ટ માને છે.

(૧૬) આમ, ઉપરોકત પુરાવો જોતાં ફરીયાદ પક્ષની તરફેણમાં કાયદાની કલમ–૧૩૯ તથા ૧૧૮ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે અને તે રીતે ફરીયાદીનું આરોપી ઉપર કાયદેસરનું લેણું છે તેવું માનવાને કારણ રહે છે. આ કામે આરોપી તરફે ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થયેલ અનુમાન અંગે, બચાવ પક્ષ તરફે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે. પરંતુ, ફરીયાદીનો મૌખિક પુરાવો તેમજ રજુ દસ્તાવેજી પુરાવો ધ્યાને લ ેતાં ફરીયાદવાળા ચેક સંબધે કાનુની ધારણા અને અનુમાનોનું ખંડન આરોપીપક્ષે થયેલ નથી તેમ હું માનું છું. આ કામે આરોપીને તેનું

વધારાનું નિવેદન નોંધવા માટે યોગ્ય તક આપવા છતાં, આરોપીપક્ષે હાજર થયેલા હોવા છતાં, ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે ઉલટ તપાસ કરવા માટે કોઈ તત્પરતા બતાવેલ નથી. આ ઉપરાંત, જેથી, આરોપીનું વધારાનું નિવેદન પણ આરોપીની ગેરહાજઢ રીના કારણે નોંધી શકાયેલ નથી. તેમજ આરોપીપક્ષે ઉલટ તપાસનો હકક ખુલ્લો કરવા કે કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ જ રસ દાખવેલ નથી. આમ, આરોપી તર્ફે ફરીયાદીએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી, ફરિયાદવાળો ચેક આરોપીએ, ફરીયાદીને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હોય, જે ચેક **FUNDS INSUFFICIENT** ના કારણે અસ્વીકાર થયેલ હોઈ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સંપુર્ણ થયેલ છે, તેવું હું માનું છું અને **મુદ્દા નં.૧ અને ૨ નો ઉત્તર હકારમાં** આપું છું અને આ કામે આરોપી હાજર ન હોય, આરોપીની ગેરહાજરીમાં મુદ્દા નં.૩ અન્વયે ન્યાયાના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**: હુકમ :**

- આ કામના આરોપી–**રામસ્વરૂપ રામકરન શર્મા,** રહે.૮૫, સ્વતંત્ર સેનાની નગર, સમતા ફલેટની બાજુમાં સુભાનપુરા, વડોદરા–૩૯૦૦૨૩નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે.
- સબબ કામ તકસીરવાનને સજા અંગે સાંભળવા મુલત્વી.

હુકમ આજરોજ તા.૫–મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

Place: Padra.
Date: 05-06-2026

[RohitKumar Vijlalbhai Limbachiya]
2nd Additional Chief Judicial Magistrate,
Padra. GJ01153

**સજા અંગે સાંભળ્યા:**

(૧૭) આ કામે ઉપરોકત તમામ ચર્ચાને ઘ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ છે કે આ કામના આરોપી નિયમિત ના.કોર્ટમાં હાજર રહેલા નથી. કોઈ પરંતુ, તેમના વકીલશ્રી ના.કોર્ટમાં હાજર રહેતા હોવા છતાં, ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી. ત્યારબાદ વિશેષ નિવેદનના તબકકે પણ આરોપી હાજર રહેલ નથી. જેથી વિશેષ નિવેદનનો હકક પણ બંધ કરવામાં આવેલ છે. આરોપી તર્ફે સમાધાન માટે મુદૃતો માંગાવમાં આવેલ છે, પરંતું, ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે કોઈ અરજી કે રજુઆત કરેલ નથી કે ફરીયાદીની ઉલટ તપાસ માટે કે સમાધાન માટે તત્પરતા બતાવેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી રાવલ જણાવે છે કે, આરોપી ઘ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદીનો કેસ, ફરીયાદીએ સાબિત કરેલ છે અને આરોપીએ ઈરાદાપૂર્વક પોતાના વિરૂઘ્ધની ટ્રાયલમાં ગેરહાજર રહી, કેસની કાર્યવાહી વિલંબિત કરેલ છે. તેમજ આવી રીતે ફરીયાદીને નુકશાન કરેલ હોય, આરોપીની સામેનો ગુનો સાબીત થયેલ હોય, જેથી યોગ્ય સજા અને ચેકની રકમથી બમણી રકમનું વળતર પણ ફરીયાદીને આપવાનો હુકમ કરવા માટે રજુઆત કરેલ છે.

(૧૮) ફરીયાદીપક્ષે વિ.વ.શ્રીની રજુઆત ઘ્યાને લીધી. આ કામે એ હકીકત છે કે, આરોપીને સમંસની બજવણી થયા બાદ, આરોપી હાજર થયેલ છે, પરંતુ, સમાધાન કરવા માંગતા હોય, માત્ર સમાધાનના ઓઠા હેઠળ માત્ર મુદૃતો માંગેલ છે અને સમાધાન પેટે કોઈ જ રકમ ફરીયાદીને ચુકવી આપેલ નથી. આ કામે આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. પરંતુ, ત્યારપછી આરોપી ના.કોર્ટમાં

નિયમિત હાજર રહેલા નથી. ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે પુરતી કહી શકાય તેટલી તક આપેલ હોવા છતાં, ફરીયાદીની ઉલટ તપાસ લીધેલ નથી. જેથી ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે અને ત્યાર બાદ આરોપીની સતત ગેરહાજરીના કારણે તેમના વિશેષ નીવેદન આપવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે.

(૧૯) ના.કોર્ટ એ નમ્ર પણે માને છે કે, આરોપીનો બચાવનો અધિકાર રહેલો છે અને તેને કોઈ પ્રકારે છીનવી કે મર્યાદિત કરી ન શકાય, પરં તુ સાથોસાથ એ પણ ધ્યાને લેવું ઘટે કે, જયારે કાયદાથી આરોપીને પોતાનો બચાવનો અધિકાર આપવામાં આવેલ હોય, પરંતુ, ખુદ આરોપી જ તે અધિકારને વાપરવા ઈરાદાપૂર્વક ઈન્કાર કરે તો, તેને આવો અધિકાર પુરો પાડવા વારંવાર અને અમર્યાદિત સમય સુધી તક આપવી પણ ન્યાયોચિત જણાતી નથી. વધુમાં એ હકીકત પણ સ્પષ્ટ છે કે, આજે ઈલેકટ્રોનીકસ યુગમાં જયારે ના.સર્વોચ્ચ અદાલત તથા ના.હાઈકોર્ટ ઘ્વારા ઈ–કોર્ટની જે સગવડ આપવામાં આવેલ છે તેના થકી કોઈ પણ પક્ષકાર તેમના ઘરે બેઠા તેમના મોબાઈલ કે લેપટોપ કે કોમ્પ્યુટરમાંથી માત્ર એક આંગળીના ટેરવે તેમના કેસની મુદૃત તારીખ કે સ્ટેજ જોઈ શકે છે. જેથી તારીખની જાણ ન હોય કે કેસ બાબતે ખબર ન હોય તેવો બચાવ જો હોય તો પણ માની શકાય તેમ નથી. નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ અનુસાર કાયદાએ આ કેસોના નિકાલ માટે પણ સમય મર્યાદા નકકી કરેલ છે ત્યારે આરોપી ફકત સ્વૈચ્છિક રીતે ગેરહાજર રહે અથવા તો નાઢ .કોર્ટમાં હાજર રહીતે કેસની કાર્યવાહી આગળ ન ચલાવે તો, કેસની કાર્યવાહી વિના કારણે વિલંબીત કરી શકાય નહી. કારણ કે આમ

કરવાથી ફરિયાદીના કેસ ઝડપથી ચલાવવાના અધિકારને હાનિ પહોં ચે છે.

(૨૦) હવે, આ તબકકે આરોપીને કેટલી સજા કરવી જોઈએ તે અં ગે જોવામાં આવે તો, હાલનો કેસ તે નેગોશ્યેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો છે અને તેમાં આરોપીને બે વર્ષ સુધીની કેદની સજા તથા ચેકની રકમથી બમણી રકમ સુધીના દંડની સજા થઈ શકે છે. આ કામે, આરોપી ટ્રાયલ શરૂ થયા બાદ, આરોપી હાજર રહેલ નથી અને તેથી આરોપીને કેદની ઓછી સજા કરવા અંગે કોઈ કારણ જણાયેલા નથી. સમાજમાં દિન પ્રતિદિન આ પ્રકારના ગુનાઓમાં ઉત્તરોતર વધારો થતો જાય છે. ત્યારે ચેક થકી થતાં નાણાંકિય વ્યઢ વહારોમાં વિશ્વસનિયતા જળવાઈ રહે તેવું વાતાવરણ સ્થાપિત કરવું આવશ્યક છે. આવા સંજોગોમાં જયારે આરોપીને સજા અંગેની વિચઢ ારણા કરવામાં આવે ત્યારે આરોપી એ હકીકત જાણતો હોય ક ે તેમની સામ ે ચેક રીટર્નનો કેસ ચાલી રહેલ છે અને તે પુરાવાના સ્ટેજે છે અને તેમ છતાં, પોતે ગેરહાજર રહી, ફરીયાદીને નુકશાન કરવાનો ઈરાદો ધરાવતો હોય, ઈરાદાપુર્વક ટ્રાયલને ડીલે કરવા માંગતો હોય, ત્યારે તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અગર તો સીઆરપીસી કલમ ૩૬૦ મુજબ પ્ર ોબેશનનો લાભ આપવો ઉચિત જણાતો નથી અને આરોપીને પુરેપુરી સજા કરવી ઉચિત જણાય છે કે જેથી તેને ગુનાની ગંભીરતા સમજાય તેમજ ચેક થકી થતાં નાણાંકીય વ્યઢ વહારોમાં વિશ્વસનીયતા જળવાઈ રહે તેમજ અન્ય કોઈ આરોપી તેની સામેની કાયદાકીય કાર્યવાહીથી ભાગી જવાની કોશીશ ન કરે.

(૨૧) આ ઉપરાંત, આરોપીને માત્ર કેદની સજા કરવી યોગ્ય જણાતી નથી પરંતુ સાથોસાથ ફરિયાદીને તેના વણચૂકવાયેલ ચેકની રકમ અંગે સી.આર.પી.સી.ની કલમ–૩૫૭ મુજબ વળતર અપાવવું પણ યોગ્ય જણાય છે. આ તબકકે વળતર અંગે નામદાર એપેક્ષ કોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરુરી જણાય છે. નામદાર અદાલતે ***Pankajbhai Nagjibhai Patel vs The State Of Gujarat & Anr 2001 (2) SCC 595*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *"In our view this question does not now pose any practical difficulty. Whenever a Magistrate of the first class feels that the complainant should be compensated; he can, after imposing a term of imprisonment, award compensation to the complainant for which no limit is prescribed in Section 357 of the Code."*

આ કામે આરોપીએ રૂા.૨,૨૫,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા નો ચેક ફરીયાદીને આપેલો અને તે સ્વીકારાઈ જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો છે. જેથી, સીઆર.પી.સી. ની કલમ ૩૫૭(૩)વંચાણે લેતાં આ કામે આરોપીને દંડ કરવાને બદલે, ફરીયાદીને વળતર ચૂકવવાનો હુકમ કરવો ઉચિત જણાય છે. આ ઉપરાંત, ફરીયાદીને ચેકની રકમ, કાનૂની કાર્યવાહીમાં થયેલ ખર્ચ, કેસ કાર્યવાહી કરવામાં વ્યતીત થયેલ શકિત તથા સમય વગેરે પેટે પણ વળતર ચુકવવુ ઉચીત જણાય છે. આમ, સીઆર.પી.સી. ની કલમ ૩૫૭(૩) વંચાણે લેતાં તેમજ નામદાર શ્રી એપેક્ષકોર્ટે ઉપરોકત ચૂકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષમાં લેતાં, ફરીયાદીને વળતર તરીકે ચેકની રકમ વ્યાજ સહીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવશે તો ફરીયાદીને યોગ્ય તે વળતર મળી રહેશે, તેમ આ કોર્ટ માને છે.

(૨૨) વળી, નામદાર સુપ્રીમકોર્ટે ***R.Mohan vs A.K. Vijaya Kumar 2012 (2) GLH 668 (SC)*** ના ચુકાદામાં ફરીયાદીને વળતર અપાવવું જોઈએ, તેમ ઠરાવી સાથોસાથ એમ પણ ઠરાવેલ છે કે જો આરોપી આ વળતરની રકમ ચુકવી આપવામા ં કસુર કર ે તો અદાલતે તે પેટે કેદની સજા ભોગવવાનો હુકમ કરવો જોઈએ. જેથી આરોપીને વળતર ચૂકવવાનો હુકમ કરવાની સાથો સાથ, વળતર ચૂકવવાના હુકમનું પાલન કરવામાં કસૂર પેટે પણ સજા કરી શકાય છે. આ કામે આરોપી ચૂકાદાના સમયે હાજર રહેલા નથી. જેથી, ફરમઢ ાવવામાં આવતા વળતરની રકમ નહીં ચૂકવવા બદલ પણ સજા કરવી ઉચિત જણાય છે.

(૨૩) વધુમાં, આ તબકકે આરોપીની ગેરહાજરીમા ં સજાનો હુકમ ફરમાવ્યા બાદ આરોપી વિરૂધ્ધ કરવાની કાર્યવાહી અંગે પણ નામદાર ગુજરાત હાઈકોર્ટના ***Sharad Jethalal Savla [Supra]*** ના ચૂકાદામાં પેરા નં.૨૭ માં નીચે મુજબ ઠરાવેલ છે. જે પેરા નં.૨૭ નીચે મુજબ છે:–

> "27. So far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non−bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418(2) of the Cr.P.C. Under Sub−section (2) of Section 418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest. I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest.

The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment, and thereafter, proceeded to issue a warrant under Section 418(2) of the Cr.P.C. ”

(૨૪) જેથી, નામદાર ગુજરાતની વડી અદાલતે ઉપરોકત ચૂકાદામાં ઠરાવ્યા અનુસાર, આ તબકકે આરોપીને તેની ગેરહાજરીમાં સજા કરી, તેની વિરૂધ્ધ સીઆરપીસીની કલમ ૪૧૮(૨) મુજબ તેને જેલમાં મોકલવાના હેતુ માટે સીઆરપીસી કલમ–૭૦ (સીઆરપીસી નમુના નં .૨) અનુસારનું એરેસ્ટ વોરન્ટ ઈસ્યુ કરવું ઉચિત જણાય છે. આ ઉપરાં ત, આ તબકકે આરોપીને સજા કરવામાં આવ્યા બાદ એરેસ્ટ વોરન્ટની બજવણી અંગે નામદાર સુપ્રીમ કોર્ટે ***Lallansinh Vs. State of Utter Pradesh reported in (2015) 3 SCC 362*** ના ચૂકાદામાં પેરા નં.૧ ૦.૩ માં કરેલ અવલોકનો પણ જોવા જરૂરી છે, કે જે નીચે મુજબ છે:–

10.3 The difficulty, in our opinion, arises when the warrants so issued by the court concerned remain unexecuted. This happens not only in cases where the accused has been convicted and sentenced by the trial court but also where an appeal or revision preferred against the conviction is eventually dismissed by the High Court. There is no manner of doubt that even in such cases the court is under an obligation after receipt of an intimation about the dismissal of the appeal or revision preferred by the convicts, to follow the procedure under Section 418 CrPC for apprehension of the accused, in case he has not surrendered voluntarily, and to commit him to jail to undergo the sentence awarded to him. Experience, however, shows that when warrants are forwarded to the police for execution the same remain unexecuted for years as noticed by us in the case at hand where despite the dismissal of the appeal filed by two of the life convicts, held guilty of a double murder, had remained at large for considerably long period. (emphasis supplied)

(૨૫) આમ, નામદાર સુપ્રીમ કોર્ટે આવા સજા બાદ ઈસ્યુ થતાં એરેસ્ટ વોરન્ટની બજવણી અસંતોષકારક રીતે થતી હોવાનું અવલોકન પણ કરેલ છે. ત્યારે જો આવા સજા અંગે ઈસ્યુ કરવામાં આવતાં એરેસ્ટ વોરન્ટની યોગ્ય પ્રકારે બજવણી થાય તે સુનિશ્ચિત કરવું ઉચિત જણાય છે. આ ઉપરાંત, આવા એરેસ્ટ વોરન્ટની બજવણી ઉપર દેખરેખ રાખવી પણ ઉચિત જણાય છે. કારણ કે જો તકસીરવાનને સજા અંગે ઈસ્યુ કરવામાં આવતા વોરન્ટની બજવણી જ ન થાય તો તેનાથી સમગ્ર ટ્રાયલ નિર્રથક બની જાય અને ન્યાયનો હેતુ પણ માર્યો જાય. હવે, સીઆરપીસી કલમ ૭૨, ૭૩ અનુસાર, અદાલત વોરન્ટની બજવણી પોતાની હકૂમતમાં ગમે તે વ્યકિતને સોંપવાની સત્તા ધરાવે છે. આ સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતો હોઈ, આરોપી વિરૂધ્ધ ઈસ્યુ કરવામાં આવતું એરેસ્ટ વોરન્ટ તાકીદે બજવણી માટે ના.પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા શહેરનાઓને સોંપવું ઉચિત જણાય છે. આ ઉપરાંત, આ કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવાયેલ હોઈ, ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લઈ આરોપીને સજા બાબતે આ ના.કોર્ટ નીચે મુજબ આખરી હુકમ ફરમાવે છે.

## FINAL ORDER

- આ કામના તકસીરવાન **આરોપી–રામસ્વરૂપ રામકરન શર્મા,** રહે.૮૫, સ્વતંત્ર સેનાની નગર, સમતા ફ્લેટની બાજુમાં સુભાનપુરા, વડોદરા–૩૯૦૦૨૩ નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના બદલ **૨ (બે) વર્ષની સાદી કેદની** ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.
- ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) અનુસાર, આ કામના આરોપીએ, આ કામના ફરીયાદી – **કશ્યપ દિલીપભાઈ પટેલ, ઉ.વઃ–**

**પુખ્ત, ધંધોઃ–ખેતી/વેપાર,** રહે. અંબાજી મંદીર પાસે, તા. પાદરા, જિ.વડોદરાના ઓને ચેકની રકમ રૂ.૨,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા) કેસ દાખલ થયા તારીખથી વસુલ થતાં સુધીના સમયસુધી વાર્ષિક ૬% વ્યાજ સાથે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

- વધુમાં, આજરોજ ચુકાદો જાહેર કરતી વખતે, આ કામના તકસીરવાન હાજર ન હોય, ઉપરોકત વળતરની રકમ જમા કરાવેલ ન હોય, જેથી આરોપીને તે કસૂર બદલ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના તકસીરવાન વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૪૧૮(૨) મુજબનું વોરન્ટ, તકસીરવાનને જેલમાં મોકલવાના હેતુસર ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ વોરંટને બજવણી અર્થે નોડાલ ઓફીસર અન ના.પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા શહેરન મોકલવું અને તેઓને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એરેસ્ટ વોરન્ટની બજવણી તાકીદે કરવી અને જયાં સુધી આ વોંરટની બજવણી ન થાય, ત્યાં સુધી, દર માસની ૧–લી તારીખે આ એરેસ્ટ વોરન્ટની બજવણી અર્થે શું પગલા લેવામાં આવેલા છે તેનો રીપોર્ટ અત્રેની અદાલતને કરવો.

- તકસીરવાને આપેલ જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૫–મી, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

Place: Padra. [RohitKumar Vijlalbhai Limbachiya]
Date: 05-05-2026 2nd Additional Chief Judicial Magistrate,
Padra. GJ01153